ગાંધીનગર સમાચાર

આજથી આદ્યશકિતની આરાધના પર્વનો પ્રારંભ

@ગાંધીનગર

● નવા સચિવાલયના બ્લોક નં. ૭ના ૭મા માળે સવારે ૧૦ કલાકે કર્મચારીઓ માટે મેડીકલ કમ્પ યોજાશે.

● સે-૧૪ મહાત્મા મંદિર ખાતે ટેકનોલોજી સંદર્ભે સવારના ૯.૦૦ કલાકે એક સમીટ યોજાશે.

આંગડીયા કર્મીનું અપહરણ કરી રૂ. ૨૨.૧૧ લાખની લૂંટ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક લીંબડીયા કેનાલનાં પુલ પરથી પસાર થઇ રહેલી લકઝરીને વહેલી સવારે ચાર વાગ્યે આંતરીને મેક્સ જીપમાં આવેલા દંડાધારી શખ્સો લકઝરીમાં ચઢી ગયા હતા. તેમા સવાર આંગડીયા કર્મીનો કોલર પકડી કાઇમ બ્રાન્ચની ઓળખ આપીને લકઝરીમાંથી ઉતારી દીધો હતો અને જીપમાં બેસાડી તેનુ અપહરણ કરી લઇ અલગ અલગ સ્થળે ફેરવી રાજપીપળા પાસેથી બીજી ઇનોવા ગાડેમાં તેને લઇ જઇ રૂ. ૨૨.૧૧ લાખ રોકડા અને મોબાઇલની લુંટ ચલાવવામા આવી હોવાની ઘટના બનવા પામી છે. ડભોડા પોલીસે ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરી છે. આરોપીઓ પોલીસના હાથવેંત દુર હોવાનુ સુત્ર પાસેથી જાણવા મળ્યુ છે.

મળતી માહિતી મુજબ મહેસાણાનાં વિજાપુર તાલુકાનાં કોલવડા ગામે રહેતા વિક્રમજી કુંવરજી ઠાકોર ઇશ્વરભાઇ સોમાભાઇ પટેલ આંગડીયા પેઢીમાં રસોઇયો છે. બુધવારે વહેલી સવારે વિક્રમજી એક થેલામાં રૂ.૨૨.૧૧ લાખ રોકડા ભરીને લકઝરીમાં બેસીને જઇ રહ્યો હતો. વહેલી સવારે ચાર વાગ્યે લકઝરી બસ લીંબડીયા કેનાલના પુલ પર પહોંચી ત્યારે એક મેક્સ જીપ નં.જીજે ૯ એ.જી ૨૮૬૪ ના ડ્રાઇવરે લકઝરીને આંતરીને ઉભી રખાવી દીધી

હતી. જીપમાંથી ડ્રાઇવર તથા જીતેન્દ્ર પટેલ નામનો શખ્સ ઉપરાંત અન્ય ચાર શખ્સો લાકડીઓ લઇને ઉતર્યા અને લકઝરીમાં ચઢી ગયા હતા. પોતે કાઇમ બ્રાન્ચમાંથી આવ્યા હોવાનુ કહીને વિક્રમજી પાસે જઇ કોલર પકડીને કહ્યુ કે તુ ગુનેગાર છે ઉતર નીચે... લકઝરીમાંથી વિક્રમજીને ઉતારીને મેક્સ જીપમાં બેસાડી તેનુ અપહરણ કરી આ ટોળકી અલગ અલગ જગ્યાઓ પર ફરી હતી. ત્યાર બાદ હાઇવે થઇને રાજપીપળા ગયા બાદ જીપમાંથી અપહ્યુતને ઉતારી એક ઇનોવા ગાડી નં. જીજે ૧૯ યુ ૮૫૫૦ માં બેસાડી તેમાં ફેરવ્યો હતો અને આખરે તેની પાસે રહેલી રૂ.૨૨.૧૧ લાખ રોકડ ભરેલી બેગને લુંટીને તેને ઉતારી દઇ ટોળકી રફ્ફુચક્કર થઇ ગઇ હતી. આ મામલે આંગડીયા કર્મીની ફરીયાદને આધારે ડભોડા પોલીસે લુંટારૂ ટોળકી સામે આઇ.પી.સી કલમ ૧૭૦, ૩૪૨, ૩૬૫, ૩૯૫ અને જીપી એક્ટ ૧૩૫ હેઠળ ગુનો નોંધીને ઉંડી તપાસ આરંભી છે. પીએસાઇ એન.એમ.ચૌધરી તથા ટીમ લુંટારૂ ટોળકીથી હાથવેંત દુર હોવાનુ આધારભુત સુત્ર પાસેથી જાણવા મળ્યુ છે.

વાતવાતમાં

● આદ્યશકિત જગતજનની મા જગદંબાની આરાધનાના ઉત્સવ નવરાત્રિનો પ્રારંભ થઇ રહ્યો છે ત્યારે ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમવા થનગની રહ્યાં છે. આ ઉત્સવમાં પરંપરાગત વસ્ત્રોનું ખૂબ મહત્વ હોઇ શહેરમાં ટ્રેડીશનલ ડ્રેસીસ ભાડે આપતા વિતરકોને ત્યાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

● આગામી તા. ૭મી ઓકટોબરથી અમદાવાદ ખાતે કબડ્ડી વર્લ્ડકપનો પ્રારંભ થઇ રહ્યો છે. ભારતની પ્રાચીન અને પરંપરાગત રમતને વધુ પ્રોત્સાહન આપવા આ વર્લ્ડકપના પ્રસારણ હક્કો ધરાવતી ટીવી ચેનલ દ્વારા ગાંધીનગરની સોસાયટીઓમાં રહીશોને કબડ્ડી રમાડી તથા ઓનલાઇન ટિકીટ બુકીંગ કરી પ્રોમોશન કાર્યક્રમ કરી રહ્યા છે.

● પુષ્ટિ સંપ્રદાયના વરિષ્ઠ વૈષ્ણવાચાર્યા પૂજય ઇન્દિરા બેટીજી-જીજીના દુ:ખદ અવસાનને પગલે શહેરના વૈષ્ણવ સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રર્વતવા પામી છે.

● શનિવારથી પ્રારંભ થઇ રહેલ નવરાત્રિ ઉત્સવના પગલે શહેરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા મોટા પાયે નવરાત્રિ મહોત્સવનું આયોજન કરાયું છે. આ નવરાત્રિ મહોત્સવના એન્ટ્રી પાસ મેળવવા માટે સંસ્થાના કાર્યાલયો પર ભારે ધસારો તથા સંચાલકો પર ફોન કોલ્સની ભરમાર જોવા મળી રહી છે.

વનશ્રી ટ્રસ્ટ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહ ઉજવાશે

ગાંધીનગર, તા.૩૦

વનશ્રી ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા વન્ય પ્રાણી સપ્તાહ નિમિત્તે જિલ્લાની વિવિધ શાળાઓમાં સાપ્તાહિક કાર્યક્રમો કરવામાં આવશે. જેના ભાગરૂપે તા. ૨ ઓકટોબરને રવિવારના રોજ રામપુરા ગામ ખાતે પર્યાવરણીય સેમિનાર યોજાશે. જેમાં વન્ય પ્રાણીઓનું મનુષ્ય જીવનમાં મહત્વ અંગેની માહિતી આપવામાં આવશે. તા. ૩ ઓકટોબરના રોજ નિબંધ સ્પર્ધા, તા. ૪ ઓકટોબરે નિબંધ સ્પર્ધા, તા. ૫ ઓકટોબરે વકતૃત્વ સ્પર્ધા, તા. ૬ ઓકટોબરે સરીસૃપ જીવોની ફિલ્મ શૉ, તા. ૭ ઓકટોબરે પોસ્ટર મેકિંગ સ્પર્ધા તથા તા. ૮ ઓકટોબરે પર્યાવરણીય વિવિધ રમતો અને ગીતોનો કાર્યક્રમ યોજાશે તેમજ વન્ય પ્રાણી સપ્તાહ દરમિયાન વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો સાથ લઈને બાળકોને જાગૃતિ માટે પર્યાવરણ જાળવણી અંગેના પાઠ પણ ભણાવવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વનશ્રી ટ્રસ્ટના આશુતોષ તિવારી અને દર્શિત પુરોહિત દ્વારા કરવામાં આવશે.

સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં પ્રિ-પ્રાયમરી વિભાગના જુનિયર-સિનિયર કે.જી.ના ભૂલકાંની વેશભૂષા-ફેન્સી ડ્રેસ હરિફાઈ યોજાઈ હતી. આ હરિફાઈમાં 'પર્યાવરણ બચાવો' થીમ રાખવામાં આવી હતી. વિદ્યાર્થીઓ પેપર ફોક, પાણી બચાવો, પ્રદૂષણ અટકાવો, પૃથ્વી બચાવો, ઝાડ પર્યાવરણ, સ્વચ્છ રાખવા ઝાડૂ, પેપર ગર્લ, પ્લાસ્ટિકનો ઉપયોગ અટકાવો વગેરે આધારિત વેશભૂષા તૈયાર કરી આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મેનેજર સિસ્ટર વેરોનિકા, પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ શિક્ષકના અથાગ પ્રયત્નથી સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

ઇન્ફોસિટી ખાતે દુકાનો-શો રૂમોમાં પ્લાસ્ટીક વિરોધી દળનો સપાટો

ગાંધીનગર, તા.૩૦

પ્લાસ્ટીક વિરોધી દળ દ્વારા ઇન્ફોસિટી વિસ્તારમાં સ્થિત કોમ્પ્લેક્ષોમાં સપાટો બોલાવ્યો હતો. ૨૨ થી વધુ દુકાનો- શો રૂમો અને હોટલોમાં ચેકિંગ કરવામાં આવ્યા હતા જે પૈકી ૧૪ દુકાનોમાંથી ૬૪ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટીક બેગનો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થો જપ્ત કરીને ટીમ દ્વારા કડક કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ઇન્ફોસિટી વિસ્તારમાં સ્થિત વિવિધ હોટલો, દુકાનો અને મોટા શોરૂમોમાં મનપા ની પ્લાસ્ટીક વિરોધી ટીમ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. અધિકારી મહેશ મોડ તથા તેમની ટીમે દરોડા પાડીને વિવિધ ૧૪ દુકાનો, શોરૂમો અને હોટલોમાંથી પ્લાસ્ટીક શોધી શોધીને જપ્ત કર્યુ હતુ. ચેકિંગ આવ્યુ હોવાના મેસેજ પળવારમાં સંકુલમાં ફરી વળતા વેપારીઓએ બેગ્સ સંતાડી દીધી હતી. તે પૈકી મોન્જીનીઝ શોપ, કબી બી, બાટા, કાફે કોફી ડે, સબ વે, ફુડ ઇન હોટેલ સહિતની ૧૪ દુકાનો, શોરૂમો અને હોટેલોમાંથી મળી ૬૪ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટીક બેગનો જથ્થો મળી આવ્યો હતો. આ ઉપરાંત એક હોટેલમાંથી શ્રમિકોને હાથમાં પહેરાવતા પ્લાસ્ટીકના ગ્લોવ્ઝનો જથ્થો પણ મળી આવતા ટીમે મુદ્દામાલ જપ્ત કરવાની કાર્યવાહી કરી હતી.

આજથી પાલડી ખાતે 'રૂપાલની પલ્લી' આધારિત ફોટોગ્રાફી પ્રદર્શનનો પ્રારંભ

પાંચ દિવસ ચાલનારા ફોટોગ્રાફી એકિઝબીશનમાં જાણીતા ફોટોગ્રાફર મેધાવિન પાઠક દ્વારા લેવાયેલ પલ્લીની તસવીરોના દુર્લભ સંગ્રહને માણવા મળશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ખાતે દર નવરાત્રિમાં આઠમે ભરાતી વરદાયિની માતાજીની ઘીની પલ્લી જગપ્રસિધ્ધ છે. ગુજરાતની સાંસ્કૃતિક પરંપરાના ભાગ સમી આ પલ્લીને જાણીતા ફોટોગ્રાફર મેધાવિન પાઠકે કેમેરામાં કંડારેલી તસવીરોનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે. આ પ્રદર્શન તા. ૧લીથી ૫મી ઓકટોબર દરમિયાન અમદાવાદમાં પાલડી ખાતે સંસ્કાર કેન્દ્રમાં યોજાશે. જે નાગરિકોએ હજુ સુધી રૂપાલની પલ્લી રૂબરૂ જોઈ ના હોય તેમના માટે આ એક અમૂલ્ય અવસર સમાન બની રહેશે.

મેધાવિન પાઠક જણાવે છે કે આપણી સંસ્કૃતિ અને લોકવારસાના મેળા-ઉત્સવો, સ્થાપત્ય તથા પરંપરાઓ આધુનિક યુગમાં પરિવર્તન પામી રહ્યાં છે તેને મૂલ્યાંકન કેવી રીતે કરવુ તે આપણા ઉપર છે. રૂપાલની પલ્લીને તસવીરોમાં કંડારી તેના પ્રદર્શન થકી જે ભાવિકો પલ્લીના દર્શન નથી કરી શકયા તેઓને પલ્લીની અમૂલ્ય પળો માણવા મળશે.

સે-૨૧ સરકારી વસાહત સમિતિ અને નવરાત્રી સમિતિના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૩૦

સરકારી વસાહત સેકટર-૨૧ કેટેગરી-૩ની ૨૦૧૫-૧૬ સરકારી વસાહત સમિતિના અને નવરાત્રી મહોત્સવ સમિતિના હોદ્દેદારોની વરણી સર્વાનુમતે કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે અમરસિંહ રાણા, ઉપપ્રમુખ તરીકે દશરથભાઈ પટેલ, મંત્રી તરીકે ઘનશ્યામસિંહ ગોહીલ, સહમંત્રી તરીકે હરીશભાઈ પટેલ, ખજાનચી તરીકે પ્રશાંતભાઈ પારેખ, સહખજાનચી તરીકે કેતુલ પંચાસરા તથા સલાહકાર તરીકે સુરેશભાઈ પુરોહિત અને મહેન્દ્રસિંહ પરમારની વરણી કરવામાં આવી હતી. તેમજ કારોબારી સભ્યો તરીકે જીજ્ઞેશભાઈ દવે, હરિસિંહ વાઘેલા, પાનાચંદભાઈ પરેચા, ખુમાનસિંહ રાણા, રણજીતસિંહ, બકુલભાઈ, પ્રવિણભાઈ ચૌધરી અને નરેન્દ્રસિંહની વરણી કરાઈ હતી.

શારીરિક-માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટેનો વિશિષ્ટ ગરબા મહોત્સવ

'બાળુડાના ગરબા' આ નવરાત્રિમાં બે વખત યોજાશે

બીજી ઓક્ટોબરે જીઈબી કોલોની ખાતે અને છઠ્ઠી ઓક્ટોબરે લાયન્સ કલબ ગરબા ગ્રાઉન્ડ ખાતે વિશિષ્ટ વ્યક્તિઓ સાથે નગરજનો ગરબે ઘૂમી શકશે

ગાંધીનગર, તા. ૩૦

શારીરિક-માનસિક વ્યક્તિઓ માટે યોજાતા વિશિષ્ટ ગરબા કાર્યક્રમ 'બાળુડાના ગરબા' આ વખતે એક જ નવરાત્રિ દરમ્યાન બે વખત યોજાઈ રહ્યા છે.

આયોજક સંસ્થા 'ગ્રો ફાઉન્ડેશન'ના પ્રમુખ જિજ્ઞેશ રાવલ અને 'સાધના'ના પ્રમુખ ગંગારામ પટેલે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે નગરની અનેક શૈક્ષણિક-સામાજિક સંસ્થાઓ, વ્યક્તિઓના સંવેદનશીલ સહકારથી શારીરિક-માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટેના ખાસ ગરબા ઉત્સવ 'બાળુડાના ગરબા'નું આયોજન ૨૦૦૪થી પ્રતિવર્ષ નવરાત્રી પર્વ દરમ્યાન કરવામાં આવે છે. એ જ રીતે આ વખતે ૧૨મા વર્ષે પણ 'બાળુડાના ગરબા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ બીજી ઑક્ટોબરના રોજ સાંજે ૫.૩૦ કલાકે ગુજરાત રાજ્ય વીજ કંપની લિ., ગાંધીનગરની રિક્રીએશન ક્લબના યજમાનપદે જીઈબી કૉલોનીના પ્લેગ્રાઉન્ડમાં આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે, જ્યારે લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગરના યજમાનપદે તારીખ છઠ્ઠી ઑક્ટોબર ને ગુરુવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે લાયન્સ ક્લબ ગરબા ગ્રાઉન્ડ, ચ-૩ પાસે, સેક્ટર-૧૧ ખાતે આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. બીજી ઑક્ટોબરે આ કાર્યક્રમમાં ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનના ચીફ ઍન્જિનીયર પી વી ભટ્ટ ઉપસ્થિત રહેશે.

વિશિષ્ટ વ્યક્તિઓને સમાજની નજદીક લાવવાના આ પ્રયાસમાં માનવસ્મૃતિ શાળા, સરગાસણ, સમર્પણ મૂક-બધિર શાળા, સેક્ટર-૨૮, અંધ શાળા, સેક્ટર-૧૬, સદ્ભાવ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર, સેક્ટર-૧૩, સ્મૃતિવિકાસ શાળા, પ્રાંતિયા, હેત ફાઉન્ડેશન, સેક્ટર-૭, સંવેદન, સેક્ટર-૬ ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં વસતા વિશિષ્ટ વ્યક્તિઓ ભાગ લેશે. વિશિષ્ટ વ્યક્તિઓ સાથે સામાન્ય વ્યક્તિઓ પણ ગરબામાં જોડાય એ આ કાર્યક્રમની વિશેષતા અને ક્રમ છે, જે આ વખતે પણ જળવાઈ રહ્યો છે. વિશિષ્ટ વ્યક્તિઓની સાથે ગરબા રમવા માટે શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, પ્રેરણા વિદ્યાલય, શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થીઓ, જી ઈ ક્લબ, લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર અને ફોરમોસ્ટ ગ્રૂપના સભ્યો પણ સપરિવાર જોડાશે. સરવાળે, ૨૦૦ ઉપરાંત વિશિષ્ટ અને ૮૦૦થી વધુ સામાન્ય વ્યક્તિઓ સાથે મળીને આ ગરબા મહોત્સવમાં ભાગ લેશે.

વિશિષ્ટ વ્યક્તિઓને સમાન તક આપવાના આ પ્રયાસને બળ આપવા માટે નગરની સૌ સેવાભાવી સંસ્થાઓ, વ્યક્તિઓને આ ગરબા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આયોજકો તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

એનઆઈસીએમમાં ફ્રેશર પાર્ટી યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના પાદરે ઈન્ફોસીટી પાસે આવેલ એનઆઈસીએમ ઈન્સ્ટયુટ ખાતે તાજેતરમાં ફ્રેશર પાર્ટી યોજાઈ હતી. એનઆઈસીએમમાં અભ્યાસ કરતા એમબીએના સ્ટુડન્ટ દ્વારા ફ્રેશર પાર્ટીની થીમ ટ્રેડીશનલ રાખવામાં આવી હતી જેથી તેનું નામ 'આગમન-૨૦૧૬' આપવામાં આવ્યું હતું. આ થીમને અનુલક્ષીને કેમ્પસને સુંદર ગામડાની ચીજવસ્તુઓથી સજાવવામાં આવ્યું હતું અને ગામડાનો માહોલ ઉભો કરવામાં આવ્યો હતો. ફ્રેશર પાર્ટીમાં ફેશન શો, ડાન્સ, સીગીંગનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ મોટીસંખ્યામાં જોડાઈને ફ્રેશર પાર્ટીની ખુબ મોજ માણી હતી.

ગાંધીનગર શહેરના પાદરે આવેલ એનઆઈસીએમ કેમ્પસ ખાતે આયોજીત ફ્રેશર પાર્ટીના પ્રારંભે વિદ્યાર્થીઓ દ્વારા કેમ્પસમાં ફરજ બજાવતા તમામ ફેકલ્ટી તેમજ સ્ટાફના કર્મચારીઓનું પુષ્પગુંચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંસ્થાના ડાયરેકટર ડો. જીગ્ના ત્રિવેદીએ પ્રસંગને અનુરુપ વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ આગમન-૨૦૧૬ માં જુદી-જુદી કૃતિઓ રજુ કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ એક પછી એક હીન્દી ફિલ્મના નવા તેમજ જુના ગીતો અને ડાન્સ પણ અદ્ભુત રીતે રજુ કર્યો હતો. કેમ્પસમાં હાજર રહેલા અન્ય વિદ્યાર્થીઓ તેમજ ફેકલ્ટીએ સુંદર પર્ફોમન્સ બદલ તાળીઓથી વધાવી લીધા હતા.ફેશન શોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો જેમાં વિજેતા મી. ફ્રેશર અને મીસ ફ્રેશરને પ્રોત્સાહન ઈનામ આપી નવાજવામાં આવ્યા હતા. આગમન-૨૦૧૬ ફ્રેશર પાર્ટીમાં ભોજન બાદ વિદ્યાર્થીઓ માટે ડી.જે.પાર્ટીનું યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓ વિવિધ ગીતો પર મનમુકીને ઝુમી ઉઠ્યા હતા.આ કાર્યક્રમને સફળ બનાવવા ફેકલ્ટી યશ ભટ્ટ તેમજ અન્ય મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આજથી આદ્યશકિતની આરાધના પર્વનો પ્રારંભ

બે એકમ હોવાથી પ્રથમ સ્વરૂપ શૈલપુત્રીનું પૂજન બે દિવસ થશે : સવારે ૮ થી ૯.૩૦ ઘટસ્થાપનનું શ્રેષ્ઠ મુર્હુત : આ શકિતપર્વમાં મંત્રોચ્ચારોના ધ્વનિ અને ગરબાના ગુંજથી ધાર્મિક માહોલ સર્જાશે

ગાંધીનગર, તા.૩૦

આદ્યશકિત જગદંબાના મહાન પર્વ નવરાત્રીનો આજથી મંગલ પ્રારંભ થયો છે. નવરાત્રીના નવ દિવસ નવ દુર્ગાના નવસ્વરૂપની પૂજા અર્ચનાનું ઘણું મહત્વ છે. અષ્ટસિદ્ધી અને નવનિધિની પ્રાપ્તિ માટે નવરાત્રીથી બીજું કોઈ શ્રેષ્ઠ પર્વ ગણાતું નથી. આ વર્ષે શારદીય નવરાત્રીના પ્રારંભે જ બે એકમનો સંયોગ ઉભો થયો છે. જેથી ધર્મજનો દેવી દુર્ગાના પ્રથમ સ્વરૂપ શૈલપુત્રીનું પૂજન બે દિવસ કરી શકશે. આજે વૃધ્ધિતિથીની એકમ છે તેમજ રવિવારે પણ એકમ છે તે પછી તમામ તિથિ રાબેતા મુજબની જ છે. આમ આજથી શરૂ થતું આ પર્વ દસ દિવસ સુધી મનાવવામાં આવશે. જગદંબાના આ પર્વમાં પૂજન-અર્ચન, જપ-તપ, વ્રત-અનુષ્ઠાન અને માતાજીના ગરબાનું મહત્વ સૌથી વધારે છે.

મા દુર્ગાશકિતના નવરાત્રી પર્વમાં શકિત શબ્દ તેજસ્વી લાગે છે. આજથી શરૂ થતા આ પર્વમાં શકિત એટલે 'શ' તે મંગલ ઐશ્વર્યવાચક છે, 'કિત' તે કૃતિ શબ્દમાંના ઋકારનો લોપ થતા વધેલો હોઈ પરાક્રમ વાચી છે. આમ ઐશ્વર્ય અને પરાક્રમના સ્વરૂપ ધારણ કરનાર મા ભગવતીને શકિત સ્વરૂપા કહેવાઈ છે. આ શકિત સ્વરૂપા દેવીના આજે પ્રથમ સ્વરૂપ શૈલ પુત્રીનું પૂજન-અર્ચન

કરવામાં આવશે. જેમાં સવારે ૮ થી ૯.૩૦ ઘટસ્થાપનનું શ્રેષ્ઠ મુર્હુત હોવાનું તલોદના જયોતિષાચાર્ય ભરતભાઈ શાસ્ત્રીએ જણાવ્યું છે. તેઓ જણાવે છે કે જવારા માતાજીના પ્રતિક તરીકે વાવવામાં આવે છે જેની ઉપર કળશ પૂજન એટલે કે ઘટસ્થાપન કરાય છે. માતાજીના સ્થાપન કરવાની જગ્યા શુધ્ધ કરી ઘટસ્થાપન કરવું તેમજ માતાજીનું નિયમિત પૂજન અર્ચન કરવું જેમાં આજે શૈલપુત્રીના પૂજનનું મહાત્મ્ય વર્ણવાયું છે.

પર્વતરાજ (શૈલરાજ) હિમાલયને ત્યાં પાર્વતીરૂપમાં જન્મ લેવાના કારણે માતા ભગવતીને શૈલપુત્રી કહેવામાં આવે છે. શૈલપુત્રીનું વાહન વૃષભ છે. માતાજીના જમણા હાથે ત્રિશુળ અને ડાબા હાથે કમળપુષ્પ છે. શૈલપુત્રીને ત્રણે લોકના જીવસૃષ્ટિના રક્ષક માનવામાં આવે છે. વિધિ વિધાનથી પૂજન કરનાર વ્યકિત ધન ધાન્યથી સંપન્ન રહે છે. બે એકમ તિથિ હોવાથી શનિવાર તથા રવિવાર એમ બે દિવસ શૈલપુત્રી સ્વરૂપ માતાજીનું પૂજન અર્ચન કરી શકાશે. માતાજીની જુદી જુદી પૂજનવિધિમાં પંચોપચાર, દશોપચાર અને ષોડશોપચાર પૂજન વિધિથી પર્વ દરમિયાન પૂજન કરી શકાય છે. આજથી શરૂ થયેલા આ પર્વમાં પૂજનવિધિ ઉપરાંત રાત્રીએ રોશનીથી ઝગમગતા મંડપોમાં ગરબા અને રાસની રમઝટ પણ બોલશે જે આ પર્વની વિશેષ મહત્વતામાં વધારો કરે છે.

દેવુ થઇ જતા અમદાવાદનાં યુવાનનો સંત સરોવરમાં ઝંપલાવી આપઘાત

ગાંધીનગર પાસે આવેલા બાસણ ગામની સીમમાંથી પસાર થતી સાબરમતી નદીનાં સંત સરોવરમાંથી ગઇ મોડી સાંજે અમદાવાદના યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસે તપાસ કરી તો મૃતકનાં ખિસ્સામાંથી તેની પત્નીનું આધારકાર્ડ મળી આવ્યુ હતુ તેને આધારે પોલીસ મૃતકનાં વાલી વારસ સુધી પહોંચી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

બાસણની સીમમાંથી પસાર થતી સાબરમતી નદીના સંત સરોવરમાં તરતો મૃતદેહ જોઇ મુકેશ દંતાણી નામના વ્યકતીએ પોલીસ અને ફાયરબ્રિગેડને જાણ કરી બોલાવી લીધી હતી. ગઇ મોડી સાંજે મૃતદેહ બહાર કાઢી ડભોડા પોલીસે તપાસ કરતા મૃતક યુવાનના ખિસ્સામાં તપાસ કરતા તેની પત્નીનું આધાર કાર્ડ મળી આવ્યુ હતુ. તેને આધારે ઓળખ થઇ કે તે અમદાવાદના રાયપુર દરવાજા પાસે રહેતો ૪૦ વર્ષિય અશ્વિન શંકરભાઇ ગોહેલ છે. પરિવારજનોને જાણ કરી બોલાવી લઇ તપાસ કરતા ત્રણેક દિવસથી અશ્વિન લાપતા હોવાનુ અને ત્યાં કોઇ ઘડિયાળની દુકાનમાં નોકરી કરતો હોવાનુ જાણવા મળ્યુ છે. તેને કોઇ રીતે દેવુ થઇ જતા કંટાળીને નદીમાં ઝંપલાવી આપઘાત કર્યો હોવાનુ પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી જમાદાર વનરાજસિંહે વધુ તપાસ શરુ કરી છે.

ચિરવિદાય

● સ્વ. ગાભાજી કરણાજી ઠાકોર, ઉ.વ. ૭૮